જાન્યુઆરી-૨૦૨૬

# પેન્શનર્સ પ્રકાશ

## Pensioners' Meet – Reflections and the Way Forward

Dear Friends,

The recent Pensioners' Meet organised by SBIPA, Gandhinagar Circle, standsout as a significant and meaningful event in the collective life of our pensioners' community. In addition to the presence of the representatives of the Circle Management, the gathering was graced by the presence of the President of the Federation of the Pensioners Mr. N. Radhakrishnan and the General Secretary Mr. G. D. Nadaf. General Secretaries of the SBIOA, SBIEU, SEWA, &SBIOBCEWA of the Gandhinagar Circle also attended the meet as special invitees.

The large turnout of members from across the Circle provided an excellent opportunity for pensioners to meet, interact, and reconnect. Such participation reinforces the spirit of unity and strengthens the bonds that sustain our collective efforts for pensioners' welfare.

One of the notable features of the Meet was that the entire gathering had the opportunity to listen directly to the President and General Secretary of the SBI Pensioners'Federation, who were present on the occasion, talking about the interactions between SBIPA representatives and the Management functionaries. This transparency helped reinforce confidence among members and ensured that the issues and viewpoints conveyed by SBIPA were clearly understood by all present.

The smooth conduct of the programme reflected thoughtful planning, effective coordination, and committed teamwork. The event demonstrated how disciplined organisation and collective effort can enhance the effectiveness of such gatherings.

The constructive and receptive approach of the Management representatives was also encouraging. Building mutual understanding between pensioners and Management, especially in the absence of formal bargaining power, requires sustained dialogue, trust, and effective communication. The positive engagement witnessed during the Meet underlines the importance of continuous and mature interaction in addressing pensioners' concerns.

The presence of a large number of members from different regions and across retired grades, including senior executive levels, is testimony to the shared belief that the welfare of pensioners is a common cause that transcends individual positions. Such inclusive participation strengthens SBIPA and enhances its ability to represent the collective voice of pensioners.

The change of venue added a distinct cultural dimension to the event and was widely appreciated. The efforts of the Baroda team deserve special appreciation for contributing to the success of the Meet / Function.

As we move forward, it is important to recognise that unity, participation, and mutual trust remain the cornerstones of effective representation. Only by staying united and actively engaged can we continue to safeguard and improve the welfare of the pensioners' community of SBI, Gandhinagar Circle.

**-Kamal Kadri-Editor**

વર્ષ-૧૯ ● અંક : ૦૧
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

પ્રકાશન સ્થળ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન
એસબીઆઈ ઝોનલ ઓફિસ, ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

# પેન્શનર્સ મીટ - આત્મમંથન અને ભાવિ પંથ

પ્રિય મિત્રો,

એસબીઆઈપીએ, ગાંધીનગર સર્કલ દ્વારા આયોજિત તાજેતરની પેન્શનર્સ મીટ આપણા પેન્શનર્સ સમુદાયના સામૂહિક જીવનના એક મહત્વપૂર્ણ અને અર્થપૂર્ણ પડાવ તરીકે ઊભરી આવી છે. વિશેષતઃ આ સ્નેહ સમારંભમાં આપણા પેન્શનર્સ ફેડરેશનના પ્રમુખશ્રી શ્રી એન. રાધાક્રિષ્નન અને મહામંત્રીશ્રી જી. ડી. નડાફ તેમજ બેંકના કાર્યરત કર્મચારીઓના સંગઠન એવા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ઓફિસર્સ એસોસિયેશન, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા કર્મચારી સંગઠન, સેવા, તેમજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ઓબીસી વર્ગના કર્મચારી સંગઠનના નેતાઓની વિશેષ અતિથિગણની ગરીમા પૂર્ણ ઉપસ્થિતિથી સમગ્ર સ્નેહમિલન સમારોહ ગૌરવપ્રદ બની રહ્યો હતો.

ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી આપણા સભ્યોની વિશાળ સંખ્યામાં હાજરીને કારણે પોતાના સાથીમિત્રોને મળવા, પરસ્પર સંવાદ કરવા અને ફરીથી ઊર્મિસભર સંબંધને તાજા કરવાની ઉત્તમ તક મળી. આવી સક્રિય ભાગીદારી, એકતાની ભાવનાને મજબૂત બનાવે છે અને પેન્શનર્સ કલ્યાણ માટેના આપણા સામૂહિક પ્રયત્નોને ટકાવી રાખતા બંધનોને વધુ દૃઢ અને સુનિશ્ચિત કરે છે.

આ મીટની એક નોંધપાત્ર વિશેષતા એ રહી કે સમગ્ર એસબીઆઈપીએના પ્રતિનિધિઓ અને કોર્પોરેટ ઓફિસના અધિકારીઓ વચ્ચે થયેલી ચર્ચાઓને પ્રત્યક્ષ સાંભળવાની તક મળી. આ પારદર્શિતાથી સભ્યોમાં વિશ્વાસ વધ્યો અને એસબીઆઈપીએ દ્વારા રજૂ કરાયેલા મુદ્દાઓ અને દૃષ્ટિકોણ તમામ હાજર સભ્યો સુધી સ્પષ્ટ રીતે પહોંચાડી શક્યા.

કાર્યક્રમનું સુચારૂ, અનુશાસક અને સુયોજીત આયોજન, અસરકારક સંકલન અને સંચાલન તેમજ સમર્પિત ટીમવર્કનું પ્રતિબિંબ હતું. આ કાર્યક્રમે દર્શાવ્યું કે શિસ્તબદ્ધ આયોજન અને સામૂહિક પ્રયત્નો દ્વારા મેળવડાઓની અસરકારકતા કેવી રીતે વધારી શકે છે.

બેંકના ઉચ્ચ પ્રતિનિધિઓનો રચનાત્મક અને સ્વીકારાત્મક અભિગમ પણ પ્રોત્સાહક અને સૌહાર્દપૂર્ણ રહ્યો. આપણા સંગઠન અને બેંકના સંચાલકો સાથે ઔપચારિક વાટાઘાટની શક્તિના કારણે પણ પેન્શનર્સ અને બેંક સંચાલકો વચ્ચે પરસ્પર સમજ વિકસાવવા સતત સંવાદ, વિશ્વાસ અને અસરકારક વિચારસંચાર જરૂરી છે. મીટ દરમિયાન ઉપસ્થિત બેંકના સંચાલકોના પ્રતિનિધિશ્રીઓના સકારાત્મક સંવાદ માટેની વ્યક્ત થયેલ ભાવના પેન્શનર્સના મુદ્દાઓ અને વણઉકેલ માંગણીઓ ઉકેલવા માટે સતત અને પરિપક્વ પરસ્પર સંપર્કનું મહત્વ દર્શાવે છે.

વિવિધ શહેરો અને નિવૃત્ત પદોના વિવિધ સ્તરો, જેમાં વરિષ્ઠ કાર્યકારી સ્તરો પણ સામેલ છે, એવા મોટી સંખ્યામાં સભ્યોની હાજરી એ સાબિત કરે છે કે નિવૃત્ત કર્મચારીઓનું કલ્યાણ એક સામૂહિક ઉદ્દેશ છે, જે વ્યક્તિગત પદોથી પર છે. આવી સમાવેશક ભાગીદારી એસબીઆઈપીએને વધુ મજબૂત બનાવે છે અને પેન્શનર્સના સામૂહિક અવાજને પ્રતિનિધિત્વ કરવાની તેની ક્ષમતાને પ્રેરકશક્તિ આપે છે.

સામાન્ય રીતે પેન્શનર્સ મીટ અને સંગઠનની સામાન્ય સભા અમદાવાદ ખાતે યોજાતી હોય છે, પરંતુ આ પ્રણાલિકામાં પ્રથમ વાર સ્થળમાં ફેરફાર કરી વડોદરા ખાતે યોજાઈ. આ ફેરફાર કાર્યક્રમને એક વિશિષ્ટ સાંસ્કૃતિક પરિમાણ આપ્યું, જેને વ્યાપક પ્રશંસાને પાત્ર છે.

આપણે જેમ આગળ વધતાં રહીએ ત્યારે, એ બાબત મહત્વપૂર્ણ છે કે એકતા, ભાગીદારી અને પરસ્પર વિશ્વાસ, અસરકારક પ્રતિનિધિત્વના આધારસ્તંભો છે. એક રહીને અને સક્રિય રીતે સંગઠીત રહીને જ આપણે એસબીઆઈ, ગાંધીનગર સર્કલના પેન્શનર્સ સમુદાયના કલ્યાણને સુરક્ષિત, સુનિશ્ચિત અને વધુ વ્યાપક રીતે સુધારી શકીશું.

સાધારણ સભા અને સ્નેહમિલન કાર્યક્રમમાં ઠંડી ઋતુની પરવા કર્યા વગર ગુજરાતભરમાંથી સહુ મિત્રો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા તે બદલ સર્વે સભ્યોને હાર્દિક અભિનંદન. વધુમાં વડોદરાના તમામ વોલેન્ટિયર્સ મિત્રોએ રાતદિવસ અથાગ પરિશ્રમ દ્વારા પેન્શનર્સ મીટને સફળતા બક્ષી તે માટે તમામને લાલ સલામ પાઠવું છું તથા આપણા સંગઠનના હોદ્દેદારો અને કમિટી સદસ્યોને પણ અભિનંદન સાથે આભાર. આપ સર્વેની સુખાકારી માટે શુભકામના.

**કમાલ કાદરી-સંપાદક**

## પ્રથમવાર વડોદરાના આંગણે યોજાઈ અવિસ્મરણિય, યાદગાર... શાનદાર...

# પેન્શનર્સ મીટ... અને વાર્ષિક સાધારણ સભા




ઈતિહાસ, સંસ્કૃતિ, શિક્ષા અને આધુનિક વિકાસનું મિશ્રણવાળું એક શહેર એટલે વડોદરા. આ સંસ્કારી નગરી વડોદરાના આંગણે એસબીઆઈપીએના જાંબાઝ નેતૃત્વમાં દેશની સૌથી મોટી પ્રિમિયમ બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ગુજરાત રાજ્યના ૧૮૦૦૦થી વધુ પેન્શનરોના બનેલા બિનરાજકીય સંગઠન એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનની શાનદાર સર્કલ પેન્શનર્સ મીટ અને વાર્ષિક સાધારણ સભા **તા. ૧૧-૦૧-૨૦૨૬**ના રોજ “સોના” પાર્ટી પ્લોટ, લક્ષ્મીપુરા રોડ, ગોરવા ખાતે ૨૦૦૦થી વધુ પેન્શનરોની ઉપસ્થિતિમાં, ઉત્સાહભેર વાતાવરણમાં યોજાઈ.



આ મિટીંગમાં પેન્શનરોનો અદ્‌ભૂત ઉત્સાહ અને ઉમળકો જોવા મળ્યા. “સોના” પાર્ટી પ્લોટમાં આકર્ષક એન્ટ્રી ગેટમાં પ્રવેશતાં જ તમામ મહેમાનોના ફોટા સાથેની સ્ટેન્ડી, વિશાળ સ્ટેજ, મધુર નાસ્તા અને ભોજન માટેની સુંદર વ્યવસ્થા, રજીસ્ટ્રેશન કાઉન્ટર, મહેમાનોનું ગાયકવાડી પાઘડી પહેરાવી સ્વાગત, દરેક સભ્યને સુંદર ગીફ્ટ, સરસ બેઠક વ્યવસ્થા, એલઈડી ટીવી, વોલેટ પાર્કીંગ વિગેરે તમામ વ્યવસ્થા અદ્‌ભૂત હતી. આધુનિક ટેક્નોલોજીથી મંચને સુશોભિત કરવામાં આવેલ. મહેમાનોને સૂત્રોચ્ચારની ગર્જના સાથે આવકારવામાં આવ્યા. મહેમાનોના આગમન પહેલાં સવારે ૯ કલાકથી “ફનકાર ગ્રુપ” વડોદરા દ્વારા મિલનકુમાર મ્યુઝિકલ ગ્રુપના સુરીલા સંગીતથી જુના અને યાદગાર લોકપ્રિય ગીતો દ્વારા સૌને મંત્રમુગ્ધ કરી દીધા. જુના ફિલ્મી ગીતોની રજુઆત વેળાએ પેન્શનરો નાંચી ઉઠ્યા, પેન્શનર્સ પરિવારના ભાઈ








બહેનો ગરબા રમ્યા, પરિવાર મિલનસમા કાર્યક્રમમાં જુના મિત્રો પરસ્પર મળી ભેટી પડતાં જુની યાદી તાજી કરતાં જોવા મળ્યાં.

કાર્યક્રમના અતિથિઓ એસબીઆઇ ગાંધીનગર સર્કલના સીજીએમ માનનિય શ્રી બાલાજી કુમાર સીંગસામંતા રાજકોટમાં વડાપ્રધાનના કાર્યક્રમમાં વ્યસ્ત હોઈ તેમના સ્થાને મુખ્ય મહેમાન તરીકે જનરલ મેનેજર નેટવર્ક-૨ શ્રી અતુલ રાઠી હાજર રહ્યા. ડીજીએમ શ્રી સુજીતકુમાર તિવારી, વડોદરા મોડ્યુલ ડીજીએમ શ્રી સલીમ અહેમદ, ખાસ મહેમાનો ફેડરેશન ઓફ એસબીઆઇ પેન્શનર્સ એસોસિયેશનના પ્રમુખ શ્રી એન. રાધાક્રિષ્નન તથા જનરલ સેક્રેટરી શ્રી જી. ડી. નડાફ, એસબીઆઇ ઓફિસર્સ એસોસીએશનના જનરલ સેક્રેટરી શ્રી રંજન કરણ, એસબીઆઇ એમ્પ્લોઇઝ યુનિયનના જનરલ સેક્રેટરી શ્રી નિતેશ પરમાર, સેવાના પ્રમુખશ્રી હેમંત વેદવાલા, એસબીઆઇ ઓબીસી વેલ્ફેરના જનરલ સેક્રેટરી શ્રી નિરલ વૈષ્ણવ, યુનિયનના પ્રેસિડેન્ટ શ્રી સંદીપ ભટ્ટ, એસબીઆઇ ઓફિસર્સ એસોસીએશનના પ્રેસિડેન્ટ શ્રી ચેતન રાઠોડ, રિટાયર્ડ સીજીએમ શ્રી કલ્પેશ અવાસીયા, યુનિયનના વડોદરા સ્થિત પૂર્વપ્રમુખ શ્રી ભરતસિંહ ચૌહાણ, પૂર્વ જનરલ સેક્રેટરી શ્રી હેમંત આચાર્ય, બેંકના પૂર્વ ડીજીએમ, એજીએમ, એસોસિયેશન, યુનિયન અને સેવાના અન્ય હોદ્દેદારો આમંત્રિત મહેમાનો, પેન્શનરોની વિશાળ હાજરી અને શિસ્તબદ્ધતાથી સર્કલ મેનેજમેન્ટ તથા ઉપસ્થિત આમંત્રિત મહેમાનો અવાક્ બની ગયા.

કાર્યક્રમની જીવંત ક્ષણો તેમના હૃદયને સ્પર્શી ગઈ અને કાર્યક્રમ એક ઉત્સવના રૂપમાં ફેરવાઈ ગયો. પેન્શનરોમાં નવી ઊર્જા, નવી ચેતના અને નવી ખુશીઓનો સંચાર થયો. મિટીંગમાં સૌ એકબીજાને પરસ્પર પ્રેમથી મળતાં આવો નજારો સ્નેહમિલનમાં ફેરવાઈ ગયો. આમ આ પેન્શનર્સ મીટ અને વાર્ષિક સાધારણ સભા ઉપસ્થિત સૌના સ્મૃતિપટ પર કંડારાઈ ગઈ અને ગાંધીનગર સર્કલના ઈતિહાસમાં એક પ્રકરણ સુવર્ણ અક્ષરે લખાયું.

કાર્યક્રમના નવા નજરાણાં તરીકે અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા ફેસબુક ઉપર લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું. આ ઉપરાંત ૯૦ વર્ષથી ઉપરની વયના વડીલ પેન્શનર્સ શ્રી પદ્મકાંત ટી. મજમુદાર તેમજ શ્રી હરેન્દ્ર સી. સરૈયાનું (૧૦૦+) લાગણીસભર સન્માન કરીને તેઓના આશિર્વાદ મેળવવામાં આવ્યા. આ પ્રસંગે શ્રી સુરેન્દ્ર પંડ્યા તથા ડો. જિતેન્દ્ર પટવારીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. સાથે નિવૃત્તિ બાદ સમાજસેવાના કાર્યોથી જોડાયેલા પેન્શનર્સ પરિવારના વડોદરાના સદસ્યો શ્રી રાજેન્દ્ર જુઆરીવાલા તથા તેમના ધર્મપત્ની દેવયાનીબેન જુઆરીવાલા દ્વારા સામાજિક સેવા કરવાના હેતુથી રૂા. ૫૧,૦૦૦/-નું દાન એસબીઆઇ પેન્શનર્સ એસોસિયેશનને આપવામાં આવ્યું. તેના ભાગરૂપે તેમને સન્માનિત કરી આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

**પેન્શનર્સ મીટ :**

એસબીઆઇ પરિવારની પેન્શનર્સ મીટની શરૂઆત ખૂબ જ જુસ્સાભર્યા વાતાવરણમાં થઈ. પેન્શનર્સ મીટના કાર્યક્રમમાં મંચસ્થ મહેમાનો એસબીઆઇ ગાંધીનગર સર્કલના જનરલ મેનેજર શ્રી અતુલ રાઠી, ડે. જનરલ મેનેજર શ્રી સુજીતકુમાર તિવારી, વડોદરા મોડ્યુલના ડીજીએમ શ્રી સલીમ એહમદ, ફેડરેશન ઓફ એસબીઆઇ પેન્શનર્સ એસો.ના પ્રમુખશ્રી એન. રાધાક્રિષ્નન જનરલ સેક્રેટરી શ્રી જી. ડી. નડાફ, એસબીઆઇ ઓફિસર એસોસીએશનના જનરલ સેક્રેટરી શ્રી રંજનકરણ, એસબીઆઇ એમ્પ્લોઈઝ યુનિયનના જનરલ સક્રેટરી શ્રી નિતેશ પરમાર, સેવાના

પ્રમુખ શ્રી હેમંત વેદવાલા, એસબીઆઈ ઓબીસી વેલ્ફેરના જનરલ સેક્રેટરી શ્રી નિરલ વૈષ્ણવ, એસબીઆઈ ઓફિસર્સ એસો.ના પ્રમુખ અને તાજેતરમાં જ આઈબોકના જનરલ સેક્રેટરી તરીકે વરણી પામેલ શ્રી ચેતન રાઠોડ, પીપીજીના એજીએમ શ્રી સુબ્રોતા રંજન દાસ અને એસબીઆઈપીએના બંને સુકાની પ્રમુખશ્રી આર. એન. ચોક્સી અને જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી વિગેરે દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો.


કાર્યક્રમના શુભારંભમાં મહેમાનોની ઉપસ્થિતિમાં પેન્શનર્સ પરિવારના સદસ્ય અમ્રીતા દેવરેએ ઈશ્વરની આરાધના દ્વારા **પ્રાર્થના** રજુ કરી.



એસબીઆઈ ગાંધીનગર સર્કલના ડે. જનરલ મેનેજર **શ્રી સુજીતકુમાર તિવારી** દ્વારા ઉપસ્થિત તમામ આમંત્રિત મહેમાનો તથા તમામ પેન્શનર્સ ભાઈઓ-બહેનોનું હાર્દિક સ્વાગત કર્યું. વધુમાં તેમણે જણાવ્યું કે આપણી બેંકના નિવૃત્ત કર્મચારીઓની આજની મિટીંગમાં વિશાળ હાજરીથી અત્યંત આનંદની લાગણી અનુભવે છે. બેંકની ડીઝીટલ સેવાઓ તેમજ યોનોના ઉપયોગ વિશે માહિતગાર કર્યા હતા. તથા બેંકની સેવાઓમાં પેન્શનરોને મદદરૂપ થવા હાંકલ કરી હતી. અંતમાં ફરી એકવાર ઉપસ્થિત તમામ ભાઈઓ-બહેનોનું દિલથી અભિવાદન કર્યું.



એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન-ગાંધીનગર સર્કલના પ્રમુખ **શ્રી આર. એન. ચોક્સી**એ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે આજે આપણા સર્કલના સીજીએમ સાહેબ રાજકોટમાં ઉપસ્થિત હોઈ આજે હું પણ તેમને આવકારૂં છું. એમની અનઉપસ્થિતિમાં એમની જગ્યાએ શ્રી અતુલ રાઠીનું વડોદરામાં વેલકમ કરૂં છું. ડીજીએમ શ્રી સુજીતકુમાર તિવારીનું પણ સ્વાગત કરૂં છું. ફેડરેશનના બંને નેતા અને ચાર વર્કીંગ ઓર્ગેનાઈઝેશનના જનરલ સેક્રેટરી, પ્રેસિડેન્ટનું પણ સ્વાગત કરૂં છું. સાથે ઉપસ્થિત તમામ સભ્યોને આવકારૂં છું. વડોદરાના ઐતિહાસિક શહેરમાં આજની પેન્શનર્સ મીટ યોજાઈ રહી છે. ત્યારે વડોદરાની મેમ્બરશીપ એક રોમાંચ અનુભવી રહી છે. ઘણાં બધા નિવૃત્ત થનાર મિત્રો વડોદરામાં સેટલ થઈ ગયા છે. પેન્શનર્સ મીટ દર વર્ષે યોજાય છે. પેન્શનર્સ મીટ પેન્શનરો અને મેનેજમેન્ટ વચ્ચે એક બ્રીજ છે. અહીં ઉપસ્થિત તમામ પેન્શનરોએ ૪૦ વર્ષ સુધી બેંકમાં કામ કર્યું છે. આજે બેંકે આપણને રેકેગ્નાઈઝ કર્યા છે એ આપણાં માટે ગૌરવની વાત છે. જ્યારે જુના મિત્રો મળે છે ત્યારે આપણી બેટરી ચાર્જ થઈ જાય છે. સાથે એવો વિચાર પણ આવે છે કે અમે વારંવાર ક્યારે મળીશું. સીડીઓ શ્રી વિક્રમ ઝાના નેતૃત્વમાં ઘણાં બધા પેન્શનરના કાર્યો થઈ રહ્યાં છે. સમાધાન પખવાડા, એક્સ્ટ્રા ઈન્ક્રિમેન્ટ જેવા પ્રશ્નોમાં તેમનો પોઝેટિવ રોલ છે. જ્યારે તેમની અને રાઠી સાહેબની મુલાકાત થઈ હતી ત્યારે બરોડા મિટીંગ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી ત્યારે તેમણે અનુમોદન આપ્યું હતું. બેંક મેનેજમેન્ટ દ્વારા ઘણાં બધા ઇસ્યુ સેટલ પણ કર્યા છે અને આપણાં માટે શું કરી શકાય તેવું પણ વિચારે છે. ૨૦૨૩ની પેન્શનર્સ મીટ સમયે શ્રી રાજીવકુમાર-સીજીએમ (એચઆર-કોર્પોરેટ સેન્ટર)ને કહ્યું હતું કે ૪૦% થી ૫૦%નો ઇસ્યુ સેટલ કરો. અમારાથી વધારે ફાયદો વર્કીંગ સ્ટાફને થશે એમ કહ્યું હતું. શ્રી રાઠી સાહેબને સંબોધીને કહ્યું હતું કે પેન્શન અપડેશનનો જે ઈસ્યુ છે તે તમારા તરફથી મેનેજમેન્ટને કહો, રજુઆત કરો. એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન બેંક માટે કમિટેડ છે. બિઝનેસ અને ગ્રોથ માટે પણ કમિટેડ છે. અત્યાર સુધીમાં પ્રિ-એલસીપીસી ફોર્મમાં કાર્યવાહી કરી છે અને એકાદ મહિનામાં તેને પૂર્ણ કરીશું. અમે બેંક માટે કામ કરીએ છીએ. અમે બેંકના બ્રાન્ડ એમ્બેસેડર છીએ. આજની પેન્શનરોની ઉપસ્થિતિ અમારી અપેક્ષા કરતાં વધું છે. વડોદરાની ટીમને આજની સુંદર વ્યવસ્થા માટે ખૂબ ખૂબ અભિનંદન. હું અને જનરલ સેક્રેટરી પેન્શનરોના કાર્યો માટે સતત પ્રયત્નશીલ છીએ. એસબીઆઈ પેન્શનરો માટે, પેન્શનરો થકી છે. સર્કલ લેવલે તથા ઓલ ઈન્ડિયા લેવલે વર્કીંગ સ્ટાફ કરતાં પેન્શનરોની સંખ્યા વધુ છે. આજના દિવસે તમામ પેન્શનરોની સુખાકારી માટે શુભકામનાઓ પાઠવું છું.



એસબીઆઈ-વડોદરા મોડ્યુલના ડીજીએમ **શ્રી સલીમ એહમદે** જણાવ્યું કે આજે ખાસ સીધો કલકત્તાથી આપની વચ્ચે ઉપસ્થિત થયો છું. ખાસ તો શ્રી કમાલભાઈ અને શ્રી ચોક્સી સાહેબનો આગ્રહ અને વાર્ષિક સંમેલન જનરલ મેનેજર

નેટવર્ક-રના નેતૃત્વમાં વડોદરામાં થઈ રહ્યું હોઈ ત્યારે મારી હાજરી અનિવાર્ય સમજું છું. કદાચ હું ન આવી શક્યો હોત તો આવી શાનદાન મિટીંગ ચૂકી ગયો હોત. આજનો શાનદાર મ્યુઝિકલ પ્રોગ્રામ અને બહેનોએ ગરબા ગાઈને વધુ યાદગાર બનાવ્યો તેનો વિશેષ આનંદ થયો. બેંક હંમેશા પેન્શનરો માટે કમિટેડ છે. અને જ્યાં મદદની જરૂર હોય ત્યાં સહયોગ આપવા તત્પર છીએ. સમાધાન પખવાડામાં તમારી વાતો સાંભળીએ છીએ. તમારા દરેક પ્રશ્નોના નિરાકરણ માટે હંમેશાં કટિબદ્ધ છીએ. બેંકની જરૂરિયાત પ્રમાણે આપનો સહયોગ જોઈશે. આપ જરૂરથી મદદ કરશો તેનો અમને વિશ્વાસ છે. આપના સ્વસ્થ અને સુખી જીવન માટે કામના કરૂં છું અને પરિવાર સાથે આપ સૌ સમય વિતાવો એવી અપેક્ષા સાથે વિરમું છું.

**અભિવાદન : ૯૦વર્ષની ઉપરની વયના વડીલો**




પેન્શનર્સ પરિવારના ૯૦ વર્ષથી ઉપરની વયના વડીલો સર્વશ્રી પદ્મકાંત ટી. મજમુદાર અને ૧૦૦ વર્ષ પૂરા કરનાર શ્રી હરેન્દ્ર સી. સરૈયાના સન્માન માટે એસબીઆઈપીએ-સુરત મોડ્યુલના હોદ્દેદારોને તેમના સન્માન માટે આમંત્રિત કરી શ્રી મજમુદારનું આંટી તેમજ શાલ તેમજ સ્મૃતિચિહ્ન અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું.

**પરિવારના વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન :**




એસબીઆઈના પૂર્વ અધિકારી જ્યોતિષ-હસ્તરેખા શાસ્ત્ર, મંત્ર ઉપચાર, ખાદ્ય ઉપચાર, યોગ ઉપચાર અને રત્ન ઉપચારના અભ્યાસ માટે જીવન સમર્પિત કરનાર અને જ્યોતિષ રત્નાકર (૧૯૯૮) અને જ્યોતિષ ભૂષણ (૨૦૦૨)થી સન્માનિત થયેલ શ્રી સુરેન્દ્ર પંડ્યાનું સુતરની આંટી અને સ્મૃતિચિન્હ અર્પણ કરીને તેમને સન્માનિત કરવામાં આવ્યા.



એસબીઆઈ પરિવારના સદસ્ય કે જેમણે નિવૃત્તિ બાદ ૬૪ વર્ષની નોંધપાત્ર ઉંમરે 'ચક્ર હિલીંગ'માં વિશ્વની પ્રથમ ડોક્ટરેટની પદવી મેળવીને ઈતિહાસ રચનાર **ડો. જિતેન્દ્ર પટવારી**ને સુતરની આંટી અને સ્મૃતિચિન્હ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા.

નિવૃત્તિ બાદ અનેક સેવાઓની પ્રવૃત્તિઓ કરતાં સેવાના ભેખધારી આપણા પરિવારના સદસ્યો **શ્રી રાજેન્દ્રભાઈ જુઆરીવાલા** તેમજ સ્ટાફ મેમ્બર તેમના પત્ની **દેવયાનીબેન જુઆરીવાલા** દ્વારા પેન્શનર્સ એસોસિયેશનને સામાજિક સેવાના ભાગરૂપે રૂા. ૫૧,૦૦૦/-નું દાન આપવામાં આવેલ. તેમના ઉમદા કાર્યોને બિરદાવવા આપણાં પેન્શનર્સ એસો.ના પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી અને મંચસ્થ તમામ મહાનુભાવો દ્વારા બંનેનું શાલ ઓઢાડી મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યું. આ ઉપરાંત આપણાં પરિવારના સદસ્ય અને ઈ-એસબીએસ એમ્પ્લોઈઝ યુનિયનના પૂર્વ પ્રમુખ **શ્રી યોગેશભાઈ જે. દવે** કે જેઓની ઉંમર ૭૯ વર્ષ છે. તેમણે શ્રી પી.જી. પારઘીને ઘેર બોલાવી, એસોસિયેશનની સામાજિક પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ રૂા. ૫૦,૦૦૦/-નો ચેક, સામાજિક પ્રવૃત્તિ માટે એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશનને



દાન પેટે આપેલ. જેનો ઉલ્લેખ આપણી વાર્ષિક સાધારણ સભામાં મંચ પરથી કરવામાં આવેલ.

ત્યારબાદ ફેડરેશન ઓફ એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન પ્રમુખશ્રી **એન. રાધાક્રિષ્નન** દ્વારા સંબોધનમાં જણાવ્યું કે

આજના કલરફૂલ ઓડિટોરીયમમાં આપ સૌ ઉપસ્થિત છો ત્યારે આપ સૌ આપના માટે તાળીઓ વગાડો. જેનાથી તમારૂં બ્લડ સરક્યુલેશન પરફેક્ટ થશે. આજે વડોદરા ખાતે પેન્શનર્સ મીટની ઉજવણી થઈ રહી છે. જેની શરૂઆત મારા જન્મ સમયે ૧૯૬૦માં થઈ હતી. આજની પેન્શનર્સ મીટમાં આપ સૌને મળવાની તક મળી તેનાથી ખૂબ જ ખુશ છું. પેન્શનર્સ મીટની જે ચળવળ શરૂં થઈ તેનો યશ એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન, અમદાવાદ સર્કલને જાય છે. બેંક દ્વારા તેનો ઓફિસિયલ સર્ક્યુલર ૧૯૯૪માં ઇસ્યુ કરવામાં આવેલ. અને આજે એસબીઆઈ-ગાંધીનગર સર્કલ દ્વારા ખૂબ જ અદ્ભૂત પેન્શનર્સ મીટના આયોજન માટે એક ઉમદા ઉદાહરણ પૂરૂં પાડ્યું છે. આપણી માતૃસંસ્થા સ્ટેટ બેંકે આપણી અને આપણાં પરિવારની ખૂબ જ કાળજી લીધી છે. એસબીઆઈ ટ્રિબ્યુટ યોજનાની શરૂઆત થઈ છે તેના દ્વારા પેન્શનર્સના પરિવાર તરફથી જે દુઆઓ મળી રહી છે. તેના આપણે ઋણી છીએ. વધુમાં તેમણે અત્યાર સુધીમાં થયેલ વેજ રિવીજનની ખૂબ જ સવિસ્તાર માહિતી આપી હતી. તમામ રિવીજનોની એમણે બુક પણ લખી છે. ઉપસ્થિત સૌ પેન્શનરોને શુભકામના પાઠવી તેમનું વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.



એસબીઆઈના જનરલ મેનેજર નેટવર્ક-૨ **શ્રી અતુલ રાઠી** એ તેમના વક્તવ્યમાં જણાવ્યું કે "દો તરહ કે ફંક્શન હોતે હૈં એક બિઝનેશ ફંક્શન દૂસરા પારિવારિક ફંક્શન. આજ કે ઈસ પારિવારિક ફંક્શન મેં જરૂર કહુંગા કી બેંક તબ આગે બઢેગા, જબ ફેમિલી મેં જ્યાદા વિશ્વાસ, બેંક કે લિયેં હો. આજ યહાં હમારે પરિવાર કે શ્રી હરેન્દ્ર સરૈયા જિન્હોંને ૧૦૦ સાલ પૂરે કિયે વો સેલેરી સે જ્યાદા પેન્શન લે રહે હોંગે. ઉનકે સ્વાસ્થ્ય કે લિયે હમ શુભકામના દેતે હૈં. આજ કી પેન્શનર્સ મીટ મેં બડા ગેધરીંગ હુઆ હૈં. આપ સબ કો દિલ સે મુબારકબાદ દેતા હું. આપ સબ કો દેખકર મૈને સોચા કી આપ સબ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા કે ગ્રેટ એમ્બેસેડર હો ક્યોંકી આપ સબ ને કંઈ માઈલ સ્ટોન એચીવ કીયેં હૈ. આપને બેંક કો સ્ટ્રોંગ ફાઉન્ડેશન પીલર દિયે હૈં. આપકી મૌજુદગી સે કાર્યક્રમ સક્સેસ હુઆ હૈં. ૨૦૨૫ કી સાલ સ્ટેટ બેંક કે લિયે રિમાર્કેબલ રહી હૈં. ઈસ સાલ ભી હમેં બેંક કે લિયે આપકા સહયોગ ચાહિયેં. પેન્શનરોં કા જો ભી ઈસ્યું હૈં વો ભી સોર્ટઆઉટ હો જાયેગા. એસએમઈ બિઝનેસ કે સાથ હાઉસીંગ લોન મેં ભી હમેં કોષિશ કરની હૈં. "ઇચ વન બ્રિંગ વન હોમ લોન" કે હિસાબ સે અગલે તીન મહિને મેં હર એક કો હાઉસીંગ લોન કરની હૈં. ઈસકે લિયે આપ કા સપોર્ટ ચાહિયેં. હમારી બેંક તીન સાલ સે બેસ્ટ બેંક હૈં. આજ કી પેન્શનર મીટ કી સફ્લતા કે લિયેં આપ સબ કો દિલ સે અભિનંદન.





ફેડરેશન કે મહાસચિવ **શ્રી જી. ડી. નડાફ** ને અપને સંબોધન મેં બતાયા કી આજ યહાં વન્ડરફૂલ મિટીંગ હુઈ હૈં. સાલ મેં એક બાર સબ સ્માઈલ કર રહે હૈં. પેન્શનર્સ મીટ કે લિયે એસબીઆઈ કા ધન્યવાદ. આજ યહાં શ્રી મજમુદારજી કા અભિવાદન કિયા ગયા. ઉનકો મૈંને પુછા આપકા પેન્શન કિતના હૈં ? તો ઉન્હોંને બતાયા. મૈં મેરા પેન્શન કૈસે બોલું આજ કે સમય મેં રિટાયર્ડ હોને વાલે એવોર્ડ સ્ટાફ ઔર મૈસેન્જર કે પૈન્શન મુંઝ સે જ્યાદા હૈં. પેન્શન અપડેશન કબ હોગા ? અપડેશન તો સબ કો મિલના ચાહિયેં. લોગોં કો ૪૦% સે ૫૦% બઢોતરી મિલ ગયીં. અબ એરિયર્સ કબ મિલેગાં યહી પૂછતે હૈં. હમ ચેરમેન સે મિલે થે તબ ઈસ્યુ કે બારે મેં બાતચીત કી થી. ૪૦% સે ૫૦% ઔર પેન્શન અપડેશન કે બારે મેં આઈબીએ, ગવર્નમેન્ટ, મેનેજમેન્ટ કહેતી હૈં કોર્ટ મેં કેસ હૈં. આપ ઈસ્યુ સેટલ કરો, કેસ હમ વિડ્રો કર લેંગે. અબ તક હમને ૩૫ લેટર લિખેં હૈં. અબ તક લેટર કો એક્નોલેજ નહીં કરતે થે, આજકલ એક્નોલેજ ભી કરતેં હૈં ઔર રિપ્લાય ભી આ રહા હૈં. પ્રેસિડેન્ટ શ્રી રાધાક્રિષ્નને બતાયા ૯૪ સે અહમદાબાદ મેં પેન્શનર મીટ ચલ રહી હૈં. હમને સજેસ્ટ કિયાં હૈં કિ એડમિન લેવલ ઔર ડિસ્ટ્રિક્ટ લેવલ પર ભી પેન્શનર્સ મીટ હોની ચાહિયેં. પેન્શનર્સ મીટ મેં આપસ મેં પ્યાર મહોબ્બત બઢતાં હૈં ઔર હમેં ક્યાં ચાહિયેં ? વી રિસ્પેક્ટ ટુ એલ્ડર્સ. જિતના સાથ રહેતે હૈં, હમ એન્જોય કરેંગે. પેન્શનર્સ દિલ સે જવાન હૈં. એસબીઆઈ જસ્ટ લાઈક ટેમ્પલ ફોર અસ. સેલ્યુટ ઈટ. અભી સભી ચીઝેં ડિજીટલી કરના હૈં. બેન્ક હમ કો સીખાના ચાહતી હૈં. અપડેશન ઔર ડીએ કી બાત કરતે હુયે બતાયા કી સેન્ટ્રલ ગવર્નમેન્ટ કે હિસાબ સે ડીએ હોના ચાહિયે. ડીએ સબ કા એક સમાન હોના ચાહિયે. હમેં બેંક મેનેજમેન્ટ પર વિશ્વાસ હૈં. કઈ સારી ચિઝેં પાઈપલાઈન મેં હૈં.



થોડા પ્રેસર ડાલના પડેગા. ભૂખ હડતાલ કી બાત કરતે હુયે બતાયા કી અમદાબાદ કી ભૂખ હડતાલ ઔર ધરણાં સબસે સફલ ઔર ધ્યાનાકર્ષિત રહાં. મેનેજમેન્ટ કે કંઈ લોગ અહમદાબાદ સર્કલ મેં ટ્રેનીંગ લેને આતે હૈં. કંઈ પેન્શનર, પેન્શનર્સ મીટ મેં સ્માઈલ કરતેં દિખે. જબ વો સર્વીસ મેં થે તબ તો હસને કા સમય નહીં મિલા. હમેં સબ કો સાથ મિલકર આગે બઢના હૈં જો એસબીઆઈ પેન્શનર્સ એસો. કે સભ્ય નહીં હૈં ઉનકો મેમ્બર્સ બનાના હૈં. આજ કી પેન્શનર્સ મીટ કી લાજવાબ સફલતા કે લિયેં પ્રેસિડેન્ટ શ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી ઔર પૂરી ટીમ કો મેં તહે દિલ સે અભિનંદન કરતાં હૂં. આપ સબ કા બહુત બહુત ધન્યવાદ.

આજની અદ્‌ભૂત પેન્શનર્સ મીટનું સુંદર સંચાલન શ્રીમતી લલીથા ઐયર (કમિટી સદસ્ય) તથા શ્રી કાન્તીલાલ પરમાર (જોઈન્ટ જનરલ સેક્રેટરી) દ્વારા કરવામાં આવ્યું.

સ્ટેટ બેંક પીપીજી ડિપાર્ટમેન્ટના **એજીએમ શ્રી સુબ્રતા રંજનદાસ** દ્વારા તમામ પેન્શનર સાથીઓને પ્રણામ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો. આજની મિટીંગમાં ગુજરાતના ખૂણે ખૂણામાંથી ૨૦૦૦ કરતાં વધુ સંખ્યામાં પેન્શનરો વડોદરા ખાતે પધાર્યા અને શિસ્તબદ્ધ રીતે કાર્યક્રમને સફળ બનાવ્યો તે માટે દિલથી આભાર વ્યક્ત કર્યો. વોલિન્ટિયર્સ દ્વારા બજાવેલ સુંદર કામગીરી માટે તેમનો પણ ધન્યવાદ વ્યક્ત કર્યો. વરિષ્ઠ પેન્શનરોનું અભિવાદન ખૂબ જ મહત્વની બાબત છે તેમાં એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશને બેંકને સહભાગી બનાવી તે માટે ખૂબ ખૂબ ધન્યવાદ વ્યક્ત કર્યા. સાથે ફરી એકવાર આ કાર્યક્રમને જવલંત સફળ બનાવવા પ્રત્યક્ષ કે પરોક્ષ સહયોગ આપનાર તમામનો દિલથી આભાર વ્યક્ત કર્યો અને સૌને સ્વરૂચિ ભોજન માટે આમંત્રિત કર્યા. ધન્યવાદ.

**હેલ્થ અવેરનેસ કાર્યક્રમ :**





વાર્ષિક સાધારણ સભાની શરૂઆત પહેલાં પેન્શનર્સ પરિવાર માટે હેલ્થ અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવ્યો. તેમાં કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ-મુંબઈના બે ડોક્ટરોએ હૃદય તેમજ કેન્સર વિશે પોતાનું પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું. તેમજ ઉપસ્થિત પેન્શનરો સાથે તેમના પ્રશ્નોના જવાબ આપી સંવાદ કર્યો હતો.

## વાર્ષિક સાધારણ સભા



બંને ડોક્ટરોના પ્રેઝન્ટેશન પુરા થયા બાદ પ્રભુને યાદ અને વંદન કરી વાર્ષિક સાધારણ સભાની શરૂઆત કરવામાં આવી. એસબીઆઈપીએની ટીમ તરફનો પ્રેમ અને કામગીરીને ધ્યાનમાં રાખી વાર્ષિક સાધારણ સભામાં પેન્શનરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. તેઓની હાજરીથી ઉત્સાહનું વાતાવરણ જોવા મળ્યું. પ્રેસિડેન્ટ શ્રી આર. એન. ચોક્સીએ





સૌ પ્રથમ આપણાં પેન્શનર્સ પરિવારના દિવંગત સભ્યોને યાદ કરી સભાની શરૂઆત કરી હતી. મિટીંગની શરૂઆતમાં પેન્શનર્સ એસોસિયેશન દ્વારા ગત મિટીંગની મિનિટ્સ, જનરલ સેક્રેટરી રિપોર્ટ અને વાર્ષિક હિસાબો અગાઉથી પેન્શનર્સ પ્રકાશમાં પ્રકાશિત કરવામાં આવેલા તેનો ઉલ્લેખ કર્યો અને જણાવ્યું કે તે બાબતમાં અત્યાર સુધીમાં કોઈપણ પેન્શનર તરફથી સવાલ કે ક્વેરી આવેલ નથી અને પ્રમુખશ્રીએ એજન્ડા પ્રમાણે કાર્યવાહી શરૂ કરી. ગત વર્ષની મિનિટ્સ તેમજ પ્રપોઝ્ડ એમેન્ડમેન્ટ તથા અન્ય એજન્ડાઓ રજૂ કરેલ તેમાં ચર્ચા-વિચારણાના અંતે સભા દ્વારા સર્વાનુમતે પાસ કરવામાં આવ્યા. જનરલ સેક્રેટરી **શ્રી કમાલ કાદરીએ** પેન્શનરોને લગતી સર્કલ લેવલ, ફેડરેશન લેવલ તેમજ ઉપયોગી માહિતી અને



એસબીઆઈપીએ દ્વારા કરવામાં આવેલા કાર્યોની રજુઆત કરી હતી. ઉપસ્થિત તમામ સભ્યોએ તેમના સંબોધનને તાળીઓના ગડગડાટથી અનુમોદન આપ્યું હતું. તેમણે આજની વડોદરાની પેન્શનર્સ મીટ અને વાર્ષિક સાધારણ સભામાં લાજવાબ આયોજન માટે સૌ પ્રથમ પ્રમુખ શ્રી આર. એન. ચોક્સીનો દિલથી અભિનંદન સાથે આભાર વ્યક્ત કરેલ અને વડોદરાની ટીમ દ્વારા દરેક તબક્કે રાત-દિવસ જોયા વગર સફળ કામગીરી કરેલ તેમને દિલથી ધન્યવાદ પાઠવેલ. તેમણે જનરલ સેક્રેટરી રિપોર્ટ અનુમોદન આપવા હાઉસને જણાવતાં હાઉસે બહાલી આપી હતી.



ટ્રેઝરર **શ્રી રવિ સોલંકી**એ રજૂ કરેલ વાર્ષિક હિસાબોને હાઉસે બહાલી આપી હતી.

અંતમાં પ્રમુખશ્રીએ આજની વાર્ષિક સાધારણ સભામાં તમામ એજન્સીઓ ખાસ કરીને સોના પાર્ટી પ્લોટ મેનેજમેન્ટ તથા જીટીપીએલ દ્વારા ઈન્ટરનેટ (ડોંગલ) નિઃશુલ્ક સેવા પુરી પાડવા તેમજ વોલેન્ટીયર્સ મિત્રો અને ઉપસ્થિત તમામ પેન્શનરોને વડોદરાની મિટીંગને અદ્ભૂત સફળ બનાવી તે બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો અને મિટીંગ પૂર્ણ થયેલી જાહેર કરી.

## ઉત્તરાયણના પર્વ નિમિત્તે ઉમદા સેવાનું કાર્ય



એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન, વડોદરા યુનિટ દ્વારા તા. ૧૨-૦૧-૨૦૨૬ના રોજ નસવાડી તાલુકાના ૩૫૦ બાળકોને ઉત્તરાયણ પર્વ નિમિત્તે પતંગ દોરા તલની ચિક્કી, ચવાણું, ક્રિમરોલ વિગેરેનું વિતરણ કરવામાં આવ્યું. વડોદરા મોડ્યુલના ડીજીએસ શ્રી સુધીરભાઈ જાની સાથે શ્રી વી. ડી. દેસાઈ, શ્રી નીલકંઠ વ્યાસ, શ્રી નરેશ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.



એસબીઆઈપીએ-રાજકોટ દ્વારા નિવૃત્ત એજીએમ **શ્રી ધીરેનભાઈ માંકડ**ની બેંકર્સ ક્લબના ટ્રસ્ટી તરીકે વરણી થતાં તેમનું સન્માન કરી સફળતાની શુભકામનાઓ પાઠવવામાં આવી.



Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE
EVERY CANCER IS DIFFERENT.
SO ARE THE EXPERTS WHO TREAT IT.
AT MARENGO CIMS HOSPITAL, WE HAVE EXPERTS FOR EVERY KIND OF CANCER.
We understand that every cancer case is different and needs special treatment and care. After identifying the cancer, the cancer specialist who specializes in diagnosing and treating that particular cancer operates on you, therefore, ensuring that you receive the right and a comprehensive 360-degree approach to medical, surgical & radiation oncology.
ONCOLOGY (MEDICAL): Dr Bhavesh B Parekh | Dr Yesha Patel
ONCOLOGY (RADIATION): Dr Devang Bhavsar | Dr Malhar Patel | Dr Maulik Bhensdadia | Dr Prapti Patel Desai
ONCOLOGY (SURGERY) - Head & Neck Surgeon: Dr Ashok Patel | Dr Jayesh Patel | Dr Darshan Bhansali
Onco Surgeon: Dr Nishant Sanghavi | Dr Urvish Shah | Dr Mohit P. Korat | Dr Veer R. Shah | Dr Nikunj Patel
Breast Surgeon: Dr Abhishek Jain | Dr Noopur Patel • General Oncology: Dr Natwarbhai Patel (Dr Natoo Patel)
Gastrointestinal and Genitourinary Surgeon: Dr Mahavir Tadaiya • GI & HPB Onco Surgeon: Dr Manish Gandhi
Thoracic Onco Surgeon: Dr Sarav Shah | Dr Abhishek Jain • Uro Onco Surgeon: Dr Keval Patel
BONE MARROW TRANSPLANT: Dr Kaumil Patel | Dr Hemant Menghani | Dr Ankit Jitani
Micro Vascular Onco-Reconstructive Plastic Surgeon: Dr Vatsal Kothari • Nuclear Medicine: Dr Zeel Soni
NO TWO HEARTS ARE THE SAME
7 DIFFERENT WAYS perfected for Bypass Surgery
On Pump (Open Heart) Surgery
Off Pump (Beating Heart) Surgery
Bilateral Internal Mammary Artery (BIMA) Total Arterial Bypass Surgery
Minimally Invasive Cardiac Surgery (MICS)
Robotics Heart Bypass Surgery
Hybrid Bypass Surgery
Bypass Surgery in Heart Failure
Marengo CIMS Hospital
Off. Science City Road, Sola, Ahmedabad - 380060.
marengocims.info@marengoasia.com
JCI (USA)
For emergency or appointment,
1800 309 9999

## રાજકોટ ખાતે મિટીંગ યોજાઈ




એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન, રાજકોટ યુનિટ દ્વારા તા. ૦૬-૦૧-૨૦૨૬ના રોજ બેન્કર્સ ક્લબ-રાજકોટ ખાતે મિટીંગ યોજવામાં આવેલ. આ મિટીંગમાં વોકહાર્ટ હોસ્પિટલના ડો. પ્રફુલભાઈ કામાણી દ્વારા આંતરડાંના રોગો વિશે ખૂબ જ હળવી શૈલીમાં માર્ગદર્શન આપ્યું. મિટીંગની શરૂઆતમાં મોડ્યુલ ડીજીએસ શ્રી શરદભાઈ દવેએ સૌનું સ્વાગત કરી HRMSની અગત્યતા તેમજ અંગત વિગત અને ફોટા અપડેટ કરવા ઉપરાંત મેડીકલ પોલિસી 'બી'ના રિન્યુઅલ કરવા ભારપૂર્વક જણાવેલ. કમિટી સદસ્ય શ્રી દક્ષિણ જોશીએ નવી પોલિસી અંગે માર્ગદર્શન આપી વધુ ને વધુ સભ્યો લાભ લેવા અનુરોધ કરેલ. આપણાં વિરષ્ઠ સભ્ય અને લાગણીશીલ વ્યક્તિત્વ ધરાવતાં રઘુવંશી સમાજનાં પ્રમુખશ્રી યોગેશભાઈ જસાણી, શ્રી ભરતભાઈ ઠાકર, શ્રી પરેશ જોશી, શ્રી નયનભાઈ મહેતા, સુરતમાં ખૂબ જ પ્રવૃત્તિશીલ સભ્ય શ્રી મેહુલભાઈ ઉપાધ્યાય ઉપરાંત વોકહાર્ટ હોસ્પિટલનાં ડો. પ્રફુલ્લભાઈ કામાણીનું સન્માન કરવામાં આવેલ.

શ્રી કમલેશભાઈ પંડ્યાએ પરસ્પર પ્રેમ લાગણી અને સહાનુભૂતિ માટે મિટીંગમાં બહેનોએ રસ દાખવવાની ઘગશને વધારવી જ્યારે શ્રી અનુપમભાઈ દોશીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરતાં ગાંધીનગર સર્કલ તથા ફેડરેશનની કામગીરીનો ખ્યાલ આપી દર મિટીંગમાં સભ્યોના વધતાં ઉત્સાહની ભારોભાર પ્રસંશા કરી સૌનો આભાર માનેલ.



## સામાજિક સેવા

એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન, વડોદરા યુનિટ દ્વારા તા. ૧૨-૦૧-૨૦૨૬ના રોજ નસવાડી પાસેના પોચંબા અને બરોલી ગામ ખાતે બહેનોને સાડી અને અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે વડોદરા મોડ્યુલના ડીજીએસ શ્રી સુધીરભાઈ જાની તથા તેમની ટીમ ઉપસ્થિત રહી આ સેવાના કાર્યમાં સહભાગી થયેલ.

## મંથલી મિટીંગ-અમદાવાદ

એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન, અમદાવાદ દ્વારા તા. ૨૧-૦૧-૨૦૨૬ના રોજ સ્ટેટ બેંક બિલ્ડીંગ, લાલ દરવાજા ખાતે મંથલી મિટીંગ યોજવામાં આવી. તેમાં ઓન્કોવિન કેન્સર સેન્ટરના ડો. પલક ભટ્ટ (મેડીકલ ઓન્કોલોજીસ્ટ) ઉપસ્થિત રહી પ્રોસ્ટેટ કેન્સર વિશે તેના પ્રારંભિક લક્ષણો અને તપાસ તથા નવીનતમ સારવારના વિકલ્પો વિશે પ્રેઝન્ટેશન રજુ કરેલ. સાથે પ્રોસ્ટેટ કેન્સર વિશે પેન્શનરોના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપેલ. આ મિટીંગમાં પેન્શનર્સ એસોસીયેશનના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ તાજેતરમાં વડોદરા ખાતે યોજાયેલા પેન્શનર્સ મીટ અને વાર્ષિક સાધારણ સભાની જ્વલંત સફળતા માટે સૌને બિરદાવી અભિનંદન આપ્યા હતા. તેમની સાથે એસબીઆઈપીએના વાઈસ પ્રેસિડેન્ટ સર્વશ્રી પી. જી. પારધી,



ચિંતક પટેલ, જોઈન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી ગુણવંત પટેલ, કાન્તિલાલ પરમાર, સંગઠન મંત્રી શ્રી કે. વી. શાહ, ટ્રેઝરર શ્રી રવિ સોલંકી, આસિ. ટ્રેઝરર શ્રી જગત પટેલ કમિટી સદસ્યો સર્વશ્રી આર. વી. મકવાણા, જિજ્ઞેશ પટેલ, એ. કે. બથવાર, કે. એન. મહેતા, રાજુ શાહ, ત્યાગરાજન, ભરત દવે અને મોટી સંખ્યામાં પેન્શનર્સ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા. મિટીંગને ફેસબુક ઉપર લાઈવ કરવામાં આવી હતી.

# હવે તમારી આંખની સારવાર દુનિયાની સર્વશ્રેષ્ઠ ટેકનોલોજીથી

## 2,00,000 થી વધુ પેશન્ટની સફળ સારવાર

# ઓક્યુરા આંખની હોસ્પિટલ

### સુપર સ્પેશ્યાલિસ્ટ આંખની હોસ્પિટલ

**તણાવમુક્ત અને ડાયનેમિક ઓપરેશન થિએટર**




CGHS-ECHS એમ્પેનલ | કેશલેશ સગવડ ઉપલબ્ધ | બ્લેડલેસ કેટરેક્ટ સર્જરી વિષે જાણવા સંપર્ક કરો.



પેશન્ટની સારવાર માટે

## એડવાન્સ અને લેટેસ્ટ રોબોટિક કેટરેક્ટ સર્જરી

SBI અને eSBI પેન્શનર્સના કાર્ડધારકો માટે નિ:શુલ્ક આંખની તપાસ



**મોતિયો | ઝામર | રેટિના (પડદો) | લેસિક | કોર્નીઆ | વિઝન થેરાપી અને રિહેબિલિટેશન સેન્ટર**

## કોમ્પ્રોમાઇઝ ન કરશો, ફક્ત બેસ્ટ પર જ વિશ્વાસ કરો.

**અમદાવાદ**
રાજપથ રંગોલી રોડ, પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરીયમની બાજુમાં, બોડકદેવ-380059
ફોન. 079-49131202/03/04, +91 9998055807

**ગાંધીનગર**
ગ્રાઉન્ડ ફ્લોર, સીનર્જી સ્પેસ, ડી માર્ટ મોલ અને પેન્ટાલૂન્સની વચ્ચે, સરગાસન-382421
ફોન. 079-49177290, +91 7043984900


"એક એવી હોસ્પિટલ જે હોસ્પિટલ જેવો અનુભવ કરાવતી નથી"


 જીવનમાં સિદ્ધાંત હોવા એ ઉત્તમ બાબત છે. પરંતુ તે મુજબ જીવવું સર્વોત્તમ છે - બેન્જામીન ફ્રેંકલિન

# રસપ્રદ અને માહિતીપૂર્ણ ઘટનાઓ ડોક્ટરના મુખેથી...

Q રમેશભાઈ ઓછું દેખાતું'તું અને આંખમાંથી પાણી પડતું'તું એટલે આંખના ડોક્ટરને બતાવવા ગયા. એમના મનમાં ગૂંચવણ એ હતી કે એમણે ૪ જુદી જુદી જગ્યાએ બતાવ્યુ હતું. અને નિદાનમાં સહેજ સહેજ ફરક આવતો'તો. એ પોતે ગૂંચવાઈ ગયા'તા કે અમુક ડોક્ટર એમને એવું કહ્યું કે એમને મોતિયો છે અને ઓપરેશન કરાવવું જોઈએ. અને અમુક ડોક્ટર એવું કહે છે કે હાલ કઈ ખાસ ઓપરેશનની જરૂર નથી. તો રમેશભાઈ એ શું કરવું જોઈએ?

A આવા ઘણા દર્દી આવે છે કે જે ગૂંચવાયેલા હોય છે. આમાંથી એક પણ જવાબ ખોટા નથી. નિર્ણય દર્દી અને તેમના ડોક્ટરે સાથે મળીને કરવો જોઈએ. આંખમાં એક લેન્સ છે કે જે કેમેરાની જેમ ફોટા પાડે છે. ઉંમરની સાથે સમયની સાથે અંદરનો આ ફોટા પાડવાવાળો લેન્સ દૂધિયો થતો જાય છે અને જોવાનું ધીમે ધીમે ઝાંખું થતું જાય છે.શરૂઆતમાં ઓછા પ્રકાશમાં અને સામેથી લાઈટ આવે ત્યારે જોવાની વધારે અગવડ પડે છે. જે લોકોની એકદમ એક્ટિવ લાઈફ હોય,વહેલી સવારે કે સમી સાંજે વાહન ચલાવવું પડતું હોય અથવા તો વાહન ચલાવવાનો વ્યવસાય હોય એ લોકોએ આ સમયે ડોક્ટર સાથે મળી અને અદ્યતન ટેકનોલોજી સાથે આંખનું ઓપરેશન કરવી લેવું જોઈએ. કેટલાક મોતિયા ઉંમર સાથે ધીમે ધીમે વધ્યા કરે છે જેવા કે ન્યુક્લિયર કેટરેક્ટમાં શરૂઆતમાં જોવાની બહુ તકલીફ નથી પડતી. ચશ્માના નંબર ચેન્જ કરી અને મોતિયાના ઓપરેશનને પાછું ઠેલવી શકાય છે. અલબત્ત જેમ ઉંમર સાથે વધે છે, માથાના વાળ સફેદ થાય તેમ મોતિયો સમય સાથે વધે જ છે. પરંતુ થોડા ઘણા અંશે ઝાંખું થવાની સમસ્યાને યોગ્ય ચશ્મા આપીને નિભાવી શકાય છે અને મોતિયાના ઓપરેશનને પાછું ઠેલવી શકાય છે. પણ આવા મોતિયામાં પણ થોડાક મહિનાઓમાં કે થોડાક વર્ષોમાં જોવાનું વધુ ઝાંખું લાગે છે, રસ્તા પરના બોર્ડ ઝાંખા દેખાય છે, પોતાના ઓળખીતા લોકો પણ નજીક આવે પછી ઓળખાય છે. દરેક વ્યક્તિએ એક પછી એક આંખ બંધ કરીને નજર માપવી જોઈએ. જેથી એક આંખે ખાસો એવો મોતિયો વધી જાય ત્યાં સુધી ખબર ના પડે અને કોમ્પ્લિકેશન થાય એવું ના થાય. મોતિયાના ઓપરેશનને વહેલું કરવું પણ જરૂરી નથી અને મોડું થવા દેવું પણ જરૂરી નથી. જો સમયસર અદ્યતન નવીનતમ ટેક્નોલોજીથી મોતિયાનું ઓપરેશન કરવામાં આવે તો તરુણ જેવી સ્પષ્ટ અને ધારદાર નજર પાછી આપી શકાય છે. તરુણને જેમ નજીક-દૂરના કે બેતાળાના ચશ્મા ના હોય, તેવી જ રીતે નવા જમાનાના વડીલો કે જે મોતિયાના ઓપરેશન કરાવે છે તો નેત્રમણીનું પ્રત્યારોપણ જ એવી રીતે કરવામાં આવે કે નજીક-દૂરના ચશ્મા ઉપર બિલકુલ આધાર ના રહે. ઓપરેશનમાં ખુલ્લી આંખે અંદર જવાનું, ખુલ્લી આંખે બહાર આવવાનું, પાટો નહીં, પટ્ટી નહીં, કાળા ચશ્મા નહીં, ઈન્જેક્શન નહીં, બે કલાકમાં રસોઈ પણ કરી શકાય, ટીવી પણ જોઈ શકાય અને વાહન પણ ચલાવી શકાય. બીજા દિવસે મોટા ભાગના લોકો પોતાના રૂટિન કામે ઓફિસ જવાનું કે વાહન ચલાવવાનું કામ ચાલુ કરી દેતાં હોય છે.

ડૉ. તેજલ દલાલ
M.S. (Ophthal.) Member of American Academy

છેલ્લા 20 વર્ષથી SBI પેન્શનરોને સેવા આપી રહ્યા છે.

ગાંધીનગર | વિજય ચાર રસ્તા | ચાંદખેડા | મોડાસા | સાગવાડા

એપોઈન્ટમેન્ટ બુક કરવા માટે
77780 57500

Celebrating 25 of Visionary Care!

TEJ EYE CENTER
THE EYE HOSPITAL

*With Best Compliments*

*from*

Dr. Manjit Sing Bhalla

Dental Surgeon (B.D.S.)

to

SBI PENSIONER'S ASSOCIATION, AHMEDABAD CIRCLE

Bhalla Dental Clinic and Implant Centre

2nd Floor Galaxy Mall,
Nehrunagar Char Rasta,Satellite Road,
Ahmedabad-380 015 Gujarat. INDIA

**E-mail :** msbhalla@drbhalla.com
**Tel. Clinic:**+91 79 26730407, 9033050240
**Resi. :** 91+91 79 26852946, 26852744

(M) +91 9824193935 • Timings : 9.00 am 1.00 pm & 5.30 pm to 9.30 pm

Note : Free Consultation for All SBI Pensioners


Aashu Dental
& Multispeciality Clinic
DR. MANISH B. SHAH
(M.D.S. & EX.PROF., HEAD)
DR. JOLLY M. SHAH
(B.D.S.)
Medical Value TRAVEL Award by FICCI
30 YEARS OF EXPERTISE
PATIENT SAFETY & QUALITY OF CARE NABH ACCREDITED
EMPANELLED WITH : CGHS, ECHS, IIMA, FCI PRL, ISRO, ONGC, ESIC, WESTERN RAILWAY
Free Dental Consultation & OPG Dental Scan for all SBI Pensioners
Latest Technologies Available
1 1st time in Gujarat OPG with CBCT T2 Machine (Dental Scan)
FREE DENTAL SCAN*
2 Intraoral Scanner
NAVRANGPURA : Dr. K.K. Shah's Bunglow, Behind Navrangpura Post Office, Navrangpura, Ahmedabad - 380009.
MONDAY TO SATURDAY : 09:00 AM - 07:00 PM
SHELA : B/304, Sky City Arcade, O7 Club Road, Shela, Ahmedabad.
Morning : 10:00 am - 01:00 pm | Evening : 05:00 pm - 08:00 pm
In-house ALIGNERS Available
For more details call on +91 98251 58578

## પ્રભુશરણ

| ક્રમ | પી.એફ.નં. | પેન્શનર્સ / ફેમિલી પેન્શનર્સનું નામ | સ્થળ | મોબાઈલ | અવસાન તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | ૮૨૮૧૪૬૭ | રામજીભાઈ લાધુભાઈ સોલંકી | રાજકોટ | ૯૩૭૬૨૩૧૨૦૪ | ૨૦-૧૨-૨૦૨૫ |
| ૨. | ૮૨૬૩૫૩૧ | બાબુભાઈ રવજીભાઈ પઢીયાર | લાઠી | ૯૬૮૭૬૬૨૮૩૧ | ૨૨-૧૨-૨૦૨૫ |
| ૩. | ૮૨૮૨૬૯૨ | સરલાબેન ભાનુપ્રસાદ પંડ્યા | જામનગર | ૯૪૨૭૨૮૪૭૫૫ | ૨૩-૧૨-૨૦૨૫ |
| ૪. | ૫૨૧૩૩૪૭ | પિયુષભાઈ નટવરલાલ શાહ | અમદાવાદ | ૯૯૦૯૫૫૪૨૫૪ | ૨૨-૧૨-૨૦૨૫ |
| ૫. | ૬૧૫૭૦૯૨ | મહેન્દ્ર ડાહ્યાભાઈ પટેલ | મુંબઈ | ૯૯૬૯૩૦૨૨૦૪ | ૨૦-૦૯-૨૦૨૫ |
| ૬. | ૦૭૨૮૯૫૦ | હર્ષદભાઈ લાલુભાઈ દેસાઈ | નવસારી | ૯૦૩૩૧૮૨૯૭૧ | ૦૪-૧૨-૨૦૨૫ |
| ૭. | ૦૭૨૫૯૭૮ | નાનુભાઈ એફ. વાળંદ | અમદાવાદ | ૯૮૭૯૮૧૦૦૫૧ | ૨૧-૧૨-૨૦૨૫ |
| ૮. | ૦૭૪૦૦૦૪ | ડી. એ. પટેલ | મીયાગામ- કરજણ | ૭૫૬૭૫૭૯૪૮૬ | ૨૩-૧૨-૨૦૨૫ |
| ૯. | ૩૫૦૯૯૧૫ | વિનોદકુમાર એમ. અમીન | અમદાવાદ | ૭૬૦૦૦૩૫૯૪૮ | ૨૮-૧૨-૨૦૨૫ |
| ૧૦. | ૭૦૯૧૬૬ | હંસાબેન હર્ષદભાઈ નાઈક (ફેમીલી પેન્સ.) | નવસારી | ૯૯૧૩૭૫૯૧૧૯ | ૩૦-૧૨-૨૦૨૫ |
| ૧૧. | ૭૦૦૮૭૮ | બેહરામ જે. વાલોદવાલા | નવસારી | ૯૮૬૭૭૭૯૯૭૧ | ૩૧-૧૨-૨૦૨૫ |
| ૧૨. | ૭૦૫૮૨૯ | વિનોદભાઈ મનુભાઈ દેસાઈ | નવસારી | ૯૮૭૯૫૫૬૧૨૮ | ૦૮-૦૧-૨૦૨૬ |
| ૧૩. | ૫૨૦૪૧૩૫ | અતુલ વિનોદરાય સોઢા | વડોદરા | ૮૮૬૬૦૨૨૪૫૮ | ૦૬-૦૧-૨૦૨૬ |
| ૧૪. | ૫૧૭૪૭૪૦ | પ્રવિણભાઈ કાન્તીલાલ મુરબીયા | અમદાવાદ | ૯૦૯૯૦૯૦૨૦૫ | ૦૭-૦૧-૨૦૨૬ |
| ૧૫. | ૮૨૭૪૯૭૫ | મધુકર ડી. રાઠોડ | વડોદરા | ૯૮૨૪૦૮૧૯૨૮ | ૦૫-૦૧-૨૦૨૬ |
| ૧૬. | ૫૧૭૨૭૧૩ | લલીતકુમાર એમ. રાઠોડ | અમદાવાદ | ૯૭૧૨૬૧૭૧૦૦ | ૨૯-૧૨-૨૦૨૫ |
| ૧૭. | ૮૨૮૨૮૬૨ | શૈલેષ વી. ત્રિપાઠી | જુનાગઢ | ૯૩૭૭૯૯૮૧૦૯ | ૨૫-૧૨-૨૦૨૫ |
| ૧૮. | ૮૨૬૯૩૦૦ | હરકિશન વી. પારેખ | મોરબી | ૯૯૨૫૧૭૭૩૭૭ | ૧૩-૦૧-૨૦૨૬ |
| ૧૯. | ૮૨૬૪૬૨૭ | બી. કે. બધેકા | અમદાવાદ | ૭૬૦૦૦૭૦૯૯૦ | ૧૭-૦૧-૨૦૨૬ |
| ૨૦. | ૮૨૭૧૧૩૫ | જસવંતલાલ એમ. ખંધાર | અમદાવાદ | ૯૮૨૫૯૫૩૪૨૭ | ૦૮-૦૧-૨૦૨૬ |

**પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.**

**ખાસ નોંધ : પેન્શનર્સના અવસાનની માહિતી આપનારે પેન્શનર્સનું પુરૂં નામ, પી.એફ. નંબર અને મોબાઈલ નંબર અવશ્ય જણાવવો.**

AMRISH SHAH +91 93270 08653 HARSHIT SHAH +91 99789 08869

हमारी सेवाएं


✓ Mutual Funds
✓ GOI Bonds
✓ Life Insurance
✓ Fixed Deposite

PIGCON SERVICES LLP SINCE 1981

✓ Public Issues
✓ Capital Gain Bonds
✓ General Insurance
✓ N C D Bonds

POOJA INVESTMENT
G/22, Hemkoot Building,
Near Gandhigram Railway Station,
Ashram Road, Ahmedabad - 9, Gujarat, INDIA

Email: info@poojainvestment.com Website: www.poojainvestment.com


અરિહંત ઓર્થોપેડિક હોસ્પિટલ
અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સેન્ટર
Dr. Tejas Gandhi
M S ortho (Gold medalist)
Senior Joint Replacement Surgeon
Pioneer in MICRO Knee Surgery
Fellowship SGH Hospital (singapore)
oxford university (U.K)
૨૦,૦૦૦ થી પણ વધુ
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી નો
બહોળો અનુભવ
રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી ઉપલબ્ધ
રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ ના ફાયદા
સાંધાની સચોટ ગોઠવણ અને સંતુલન
નહિવત દુખાવો, અત્યંત ઝડપી રિકવરી
સિટી સ્કેન કે એમ.આર.આઈ ની જરૂરીયાત નથી
સ્નાયુ સાચવીને થતી સબવાઈસ્ટ પદ્ધતિ
સંપુર્ણ લિગામેન્ટ સંતુલન સાથે ૧૨૦° થી વધુ
વળતા સાંધા (Hiftex Joint)
KNEE PAIN I HIP PAIN માટે
ફ્રી કન્સલટેશન અને X-RAY
SBI, ESBI, PENSIONER'S AND
SPOUSE માટે કેશલેસ સુવિધા ઉપલબ્ધ
વધુ માહિતી માટે સંપર્ક કરો :- અમિત પટેલ (M) :- 7572936190, 82381 36190
બીજો માળ, ઉપનિષદ કોમ્પલેક્ષ, શ્રધ્ધા હિરો શોરૂમ ની ઉપર
શ્રેયસ ફ્લાય ઓવરબ્રિજના નીચે, માણેકબાગ, આંબાવાડી, અમદાવાદ
079 26445011, 079 26445014, www.drtejasgandhi.com

## શું આપે લેવી / ડોનેશનની રકમ જમા કરાવી ?...

મિત્રો, આ બાબતની સતત જાણ આપને કરતા આવ્યા છીએ. આપ સૌને મળેલ લાભની રકમથી (એક્સગ્રેસિયા અને ૪૦% થી ૫૦% વધારા) પેન્શનમાં વધારો થવાથી આપ સૌ ખુશ છો જ. હવે પેન્શનર્સ એસોશિયેશનને પોતાની જવાબદારી નિભાવવા આપના સહકારની જરૂરિયાત છે. તે માટે આપને ફરીવાર યાદ અપાવીએ છીએ કે આપની લેવી/ડોનેશનની રકમ જમા કરાવવાની બાકી હોય તો વિના વિલંબે તુરંત જ ઓનલાઈન અથવા ચેક દ્વારા મોકલી આપવા વિનંતી કરીએ છીએ. આપણા એસોસિએશનનો ખાતા નંબર નીચે પ્રમાણે છે. ઓનલાઈન જમા કરાવતી વખતે આપનો પી.એફ. નંબર ખાસ લખવા વિનંતી.

**Name : SBI Pensioners Association** **Account No. : 30855862333**

**Branch Name: AHMEDABAD MAIN BRANCH, AHMEDABAD (00301)**

**Branch IFSC Code: SBIN0000301**

**PF No. : __________ Name : ____________________________ MOBILE No. : __________________**

### LEVY / DONATION

જે મિત્રોએ તા.૦૧-૧૨-૨૦૨૫થી ૩૧-૧૨-૨૦૨૫ સુધીમાં લેવી / ડોનેશન જમા કરાવેલ છે તેઓની યાદી નીચે પ્રમાણે છે. જેઓએ તા. ૩૧-૧૨-૨૦૨૫ પછી લેવી કે ડોનેશન જમા કરાવેલ છે, તેઓના નામ ફેબ્રુઆરી માસના અંકમાં પ્રસિદ્ધ થશે. જેની નોંધ લેવા વિનંતી.

| Date | P F No. | Name of the Pensioner / Firm | Credit | Receipt |
|---|---|---|---|---|
| | | **LEVY** | | |
| 02-Dec-25 | 708801 | RUSTOMJI S. MIRZA | 5200 | 28732 |
| 29-Dec-25 | 2900262 | MALTI MOTILAL GIDWANI | 5000 | 28784 |
| 04-Dec-25 | 1709216 | DHIRAJLAL D. LIMBAD | 4500 | 28738 |
| 31-Dec-25 | 8286051 | YOGENDRAKUMAR M. RAVAL | 3100 | 28794 |
| 06-Dec-25 | 5176352 | RAJENDRA JASHVANTRAI TRIVEDI | 3000 | 28741 |
| 29-Dec-25 | 1706829 | MADHUSUDAN J. GOSWAMI | 2950 | 28788 |
| 02-Dec-25 | 2900742 | BHAVNA MUKESHKUMAR DESAI | 2500 | 28733 |
| 06-Dec-25 | 5178622 | RAMESHCHANDRA B. CHHTRALA | 2200 | 28742 |
| 22-Dec-25 | 5199875 | MINABEN K. ANDHARIA | 2100 | 28776 |
| 27-Dec-25 | 1745042 | GNANESHWARI V. PARIKH | 2100 | 28780 |
| 30-Dec-25 | 5176212 | JAWAHAR A. MEHTA | 2000 | 28792 |
| 04-Dec-25 | 5197368 | LATABEN JAYANTILAL KAKKAD | 1400 | 28740 |
| 06-Dec-25 | 1725955 | JADAVJI RAVJI RAGHWANI | 1400 | 28743 |
| 26-Dec-25 | 5184657 | MAHENDRABHAI MANILAL TANNA | 1400 | 28778 |
| 20-Dec-25 | 3506711 | SURINDER PAL SHARMA | 1200 | 28771 |
| 06-Dec-25 | 5170567 | TULSIGAR HEMGAR GUSAI | 1176 | 28829 |
| 01-Dec-25 | 2895250 | GANESH MANGALDAS DAVE | 1100 | 28731 |
| 04-Dec-25 | 3200817 | MEENA THAKUR DURGIA | 1100 | 28739 |

| Date | P F No. | Name of the Pensioner / Firm | Credit | Receipt |
|---|---|---|---|---|
| 18-Dec-25 | 2900351 | ABHAY PRABHAKAR ATHLE | 1100 | 28766 |
| | | **DONATION** | | |
| 20-Dec-25 | 725498 | RASIKLAL A. VALAND | 25000.00 | 28772 |
| 18-Dec-25 | 2900351 | ABHAY PRABHAKAR ATHLE | 1111.00 | 28767 |
| 18-Dec-25 | 712515 | PRAVINKUMAR S. SHAH | 1111.00 | 28768 |
| 01-Dec-25 | 1727990 | MADHUKAR SUNDARLAL SHAH | 1011.00 | 28729 |
| 01-Dec-25 | 739146 | KOSHADHIKARI S. VAIDYA | 1001.00 | 28730 |
| 01-Dec-25 | 1745301 | UTTAMRAM ISHVARLAL PATEL | 1000.00 | 28728 |
| 29-Dec-25 | 5182484 | JETHALAL GOVINDJI VADUKAR | 1000.00 | 28785 |
| 29-Dec-25 | 5182484 | JETHALAL GOVINDJI VADUKAR | 1000.00 | 28790 |
| 29-Dec-25 | 5182484 | JETHALAL GOVINDJI VADUKAR | 1000.00 | 28791 |
| 30-Dec-25 | 5182484 | JETHALAL GOVINDJI VADUKAR | 1000.00 | 28793 |
| 08-Dec-25 | 710326 | MAHESH RAMKRISHNA PANDYA | 501.00 | 28746 |
| 01-Dec-25 | 2892294 | CHANDRAKANT C. THAKKAR | 500.00 | 28726 |
| 01-Dec-25 | 743437 | ANILKUMAR B. SHAH | 500.00 | 28727 |
| 09-Dec-25 | 1714007 | SHANKAR S. JANGAM | 500.00 | 28747 |
| 09-Dec-25 | 5176409 | HASMUKH DHIRAJLAL SHAH | 500.00 | 28748 |
| 22-Dec-25 | 5199875 | MINABEN K. ANDHARIA | 500.00 | 28777 |

SBI

DENTAL CARE IMPLANT AND LASER CENTER

DR.DEVAL TRIVEDI

MDS PERODONTIST IMPLANTOLOGIST AND LASER SURGEON

ALL DENTAL TREATMENT AND FACILITES ARE AVAILABLE WITH ADVANCE TECHNOLOGY

Address:-9,ground floor,Primate Building,Opp.Mother Milk Palace, Judges bungalow road,bodakdev
Mobile no:- 9974367802
Clinc Timings:- Monday to Saturday 10:00 AM - 3:00 PM | 5:00 PM - 8:00 PM
*Sunday by appointments only. Email I'd:-drdevaltrivedi@gmail.com

NOTE:- FREE CONSULTATION FOR ALL SBI PENSIONERS
SPECIAL DISCOUNT ON ALL DENTAL TREAMENT FOR SBI PENSIONERS AND THIER FAMILY MEMBERS,AHMEDABAD


Eye-care Hospital
ફ્રી
આંખની
તપાસ
SBI, eSBI ના પેન્શનર્સ તથા
તેમના કુટુંબીજનો માટે
(અદ્યતન સાધનો દ્વારા આંખની સોનોગ્રાફી સહીત)
PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
PRE ACCREDITED
• Cataract
• Cornea
• Lasik
• Retina
• Glaucoma
• Oculoplasty
આઈ-કેર હોસ્પિટલના નિષ્ણાંત સર્જન
ડૉ. શશાંક રાઠોડ
ડૉ. આંશી રાઠોડ
સમય: સવારે 9:00 થી 12:00,
બપોરે 3:00 થી સાંજે 6:00 વાગ્યા સુધી
Eye-care Hospital
પોલીટેકનીક રોડ,
કેતવ પેટ્રોલ પંપની પાછળ,
અમદાવાદ- ૩૮૦૦૧૫
૯૮૨૪૦૮૬૬૧૧
૦૭૯–૨૬૪૪૬૧૩૩
www.eyecarehospital.org
www.eyecarelasikcentre.com


SBI | HOME LOANS
ટકાઉ ભવિષ્ય બનાવવામાં મદદ કરો,
આજે જ!
તમારું પહેલું પગલું લો અમારી સાથે.
સોલાર રૂફટૉપ ફાઈનાન્સ સાથેની એસબીઆઈ હોમ લોન માટે અરજી કરો.
સ્પર્ધાત્મક વ્યાજ દર
કોઈ છુપા ચાર્જિસ નહીં
ઓછી પ્રોસેસિંગ ફી
સહાયતા માટે કૉલ કરો: 1800 11 2018 | અહીં મુલાકાત કરો: homeloans.sbi
Azadi Ka Amrit Mahotsav
આ ઉત્પાદન નીચે જણાવેલ એસડીજી સાથે જોડાયેલ છે
અને સ્થાયી ભારત માટે યોગદાન આપે છે.
અમને અહીં ફોલો કરો

Registered under RNI No. GUJBIL/2007/29606.
"Registrered under Postal Registration No. GAMC-1658/2021-2023 valid upto X31st December-2023 issued by the SSPO's, Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO, on 26th of every month."
Licensed to Post Wihout Prepayment No. PMG/NG/053/2021-23 valid upto 31/12/2023



# ડો. પ્રતાપ દેસાઈ આઈ હોસ્પીટલ

| ડો. પ્રતાપ દેસાઈ M.S. (ઓપ્થોલમોલોજી) | ડો. હેમાક્ષી પી. દેસાઈ M.S. (ઓપ્થોલમોલોજી) | ડો. સુરોહી શાહ M.S. (ઓપ્થોલમોલોજી) |
|---|---|---|

રિટાયર્ડ સિનિયર મેડીકલ ઓફીસર, SBI, LHO, અમદાવાદ.

હવે નવા સરનામા ઉપર અત્યાધુનિક સુવિધા સાથે જુનો વિશ્વાસ

ક્લિનિકઃ ૨૦૧/૨૦૨, ક્ષિતીજ આર્ચ, આઈઓસી પેટ્રોલ પંપ પાસે, ગોલ્ડન ટ્રાયેન્ગલ સામે, સ્ટેડીયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

મળવાનો સમય : સવારે ૯.૩૦ થી ૦૧.૦૦ તથા સાંજે ૪.૦૦ થી ૭.૦૦ એપોઈન્ટમેન્ટ : (મો) ૯૩૧૬૫૬૫૧૫૦, ૦૭૯-૨૬૫૬૪૫૪૭

ચશ્માના નંબર લેજરથી ઉતારવા માટે : ક્લિયરવ્યુ લેસર સેન્ટર, સ્ટેડિયમ પ્લાઝા, યોગેશ ખમણ પાસે, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ ● સમય : સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ ● ફોન : ૭૯૪૮૪૬૦૨૦૨, ૯૭૨૫૪૪૭૩૭૩

ડો. પ્રતાપ દેસાઈ પણ SBIના જ પેન્શનર્સ છે. જેમણે અવિરત છેલ્લા ૩૨ વર્ષથી SBI પરિવાર માટે સિનિયર મેડિકલ ઓફિસર તરીકે નિ:સ્વાર્થ સેવાઓ આપેલ છે.

ડો. દેસાઈની આઈ હોસ્પિટલ પેરેમાઉન્ટ ટીપીએ, એસબીઆઈ જનરલ ઈન્સ્યોરન્સ સાથે પ્રિમિયમ કેટેગરીમાં જોડાયેલ છે.
(PPN Hospital Networkના રેટ્સ અમારી સર્જરી માટે લાગુ પડતા નથી) SBI અને e-SBI પેન્શનર્સ અને તેમના સ્પાઉઝને નિઃશુલ્ક કન્સલ્ટેશન

● એસબીઆઈ એમ્પ્લોઈઝ માટે ખાસ ●

સુવિધા કેસલેશ જેવી, લેન્સ ઉચ્ચતર ગુણવત્તાવાળો, કેસલેસ ક્લેઈમમાં લિમિટ હોવાથી લેન્સની ગુણવત્તામાં લિમિટ આવતી હોય છે. Reimbursementમાં કેસલેસની વધુ સુવિધાઓ

**મંથલી મિટીંગ :** ફેબ્રુઆરી ની મંથલી મિટીંગ તા. ૧૮-૦૨-૨૦૨૬ના રોજ બુધવારે બપોરે ૩.૩૦ કલાકે, બીજો માળ, સ્ટાફ કેન્ટીન, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, જુની લોકલ હેડ ઓફિસ, લાલ દરવાજા, અમદાવાદ ખાતે યોજવામાં આવશે. અમદાવાદના તમામ પેન્શનરોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ છે. આ મિટીંગ એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન દ્વારા ફેસબુક ઉપર લાઈવ કરવામાં આવશે.

સભ્યો માટે સંપર્ક સ્થળ : એસબીઆઈ ઝોનલ ઓફિસ

ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ (સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ સુધી)
e-mail: gujpension@gmail.com ● whatsapp no. 99982 65158 આ વોટ્સએપ નંબર ઉપર માત્ર મેસેજ કરવો કોલ કરવો નહિં.
President - R. N. Choksi : 7600978838 (Vadodara) General Sec. - Kamal Kadri: 9825578619

The Views expressed in the articles/write ups in the magazine are not necessarily those of the Association / Editorial Board. Readers will please refer to the concerned writers / Authors as to the authenticity of facts/ figures.

The advertisement in the magazine are only commercial ones and don't confer any assurances/ recommnedations from the part of the Association and its office-bearers/ Editorial Board members. Readers may make any transactions with them only after their independent enquiries.

**Printed & Published by :** Kamal Kadri on behalf of State Bank of India Pensioners' Association & **Printed at : Print Vision,** Near Central Bank of India, Ambawadi Bazar, Ahmedabad-380006.
**Published from:** SBI Zonal Office, 3rd Floor, C.N. Vidhayalay, Ambavadi, Ahmedabad-380015

Editor : Kamal Kadri Editorial Board : R. N. Choksi, Smt. Lalitha Iyer, Kantilal Parmar, Chintak Patel

If undelivered please return to :
● પ્રકાશન સ્થળ ●
એસબીઆઈ ઝોનલ ઓફિસ
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫